ગિરનારની સીડી પરથી સિંહ બાળકને જંગલમાં ખેંચી ગયો

50મા પગથિયે વહેલી સવારે સિંહનો હુમલો, બાળકનાં અવશેષો મળી આવ્યાં

ત્રણ સિંહોને પકડી તપાસ કરતાં એકની ઊલટીમાં માનવ શરીરનાં અંગો મળ્યાં

ગિરનારની મુખ્ય સીડી પર અવરજવર બંધ કરાવી દેવાઇ

ગાંધીનગરઃ જૂનાગઢના વિશ્વવિખ્યાત ગિરનાર પર્વત પર શનિવારે વહેલી સવારે બનેલી હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોડજ ગામથી પરિવાર સાથે દર્શન માટે આવેલા 12 વર્ષના મયુરસિંહ મહેન્દ્રસિંહ ચૌહાણ પર ગિરનારના આશરે 50મા પગથિયા પાસે સિંહે અચાનક હુમલો કરી તેને કાકાના હાથમાંથી જ મોઢામાં દબોચીને જંગલમાં ખેંચી ગયો હતો. વન વિભાગ અને પોલીસની લાંબી શોધખોળ બાદ જંગલમાંથી બાળકના માનવ અવશેષો મળી આવ્યા હતા. આ ઘટના બાદ ગિરનારની મુખ્ય સીડી પર અવરજવર તાત્કાલિક બંધ કરી દેવામાં આવી છે.

હુમલાખોર હોવાની શંકા હેઠળ ત્રણ સિંહને પકડી વન વિભાગે એક સિંહની પશુચિકિત્સક દ્વારા તેની તપાસ કરાવી હતી, જેમાં તેની ઊલટીમાંથી માનવ શરીરના અંગો મળ્યાનો પ્રાથમિક ખુલાસો થયો છે.

ત્યારબાદ વધુ બે શંકાસ્પદ સિંહોને પણ પકડી સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે નિરીક્ષણ અને પરીક્ષણ માટે ખસેડવામાં આવ્યા છે.

બે કલાક સુધી જવાબદાર અધિકારી સ્થળે પહોંચ્યા ન હતા: પરિવારનો આક્ષેપ

આ ઘટનાએ ગિરનાર પરની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. પરિવારજનોનો આક્ષેપ છે કે ઘટના બાદ લગભગ બે કલાક સુધી જવાબદાર અધિકારી સ્થળે પહોંચ્યા નહોતા. સાથે જ ગિરનારની સીડી પર પૂરતી લાઇટિંગ, સતત પેટ્રોલિંગ અને વન્યપ્રાણી સુરક્ષા વ્યવસ્થા વધારવાની પણ માંગ ઊઠી છે. હાલ સમગ્ર ઘટનાની તપાસ ચાલી રહી છે.

રાજ્યમાં 46 દિવસમાં સિંહના હુમલાની 9મી ઘટના, 8નાં મોત

આ ઘટના સાથે રાજ્યમાં છેલ્લા 46 દિવસમાં સિંહના હુમલાની નવમી ઘટના નોંધાઈ છે. આ સમયગાળામાં આઠ લોકોના મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે. ઉપલબ્ધ આંકડાઓ મુજબ છેલ્લા છ મહિનામાં સિંહના હુમલામાં 10 લોકોના મોત નોંધાયા છે અને છેલ્લા બે મહિનામાં જ પાંચથી વધુ જીવલેણ હુમલાઓ થયા છે. નિષ્ણાતોના જણાવ્યા પ્રમાણે માનવ વસાહતો જંગલ વિસ્તાર સુધી વિસ્તરવી, સિંહોના રહેણાંક ક્ષેત્રમાં વધતી માનવ અવરજવર અને સંવેદનશીલ પ્રજનન સમયગાળા દરમિયાન વધતા સંપર્કને કારણે માનવ-સિંહ સંઘર્ષની ઘટનાઓમાં વધારો થઈ રહ્યો છે.

સાબરકાંઠા, મહેસાણા અને ખેડામાં ચાંદીપુરાના કેસ નોંધાયા

હિંમતનગરમાં વધુ એક બાળકના મોત સાથે કુલ પાંચ બાળકના મોતથી આરોગ્ય તંત્ર એલર્ટ

ગાંધીનગરઃ ગુજરાતમાં ફરી ચાંદીપુરા વાયરસે માથું ઊંચકતાં આરોગ્ય તંત્રમાં ચિંતા વધી છે. સાબરકાંઠા, મહેસાણા અને ખેડા જિલ્લામાં વાયરસના શંકાસ્પદ અને પોઝિટિવ કેસો નોંધાતા આરોગ્ય વિભાગ હાઈ એલર્ટ પર મુકાયું છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન વધુ એક બાળકના મોત સાથે અત્યાર સુધીમાં પાંચ બાળકોના જીવ ગયા છે, જ્યારે એક બાળક વેન્ટિલેટર પર સારવાર હેઠળ હોવાથી તેની સ્થિતિ ગંભીર હોવાનું જણાવાયું છે. રાજ્યભરમાં અત્યાર સુધી 17 બાળકમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા છે, જેમાંથી 6 બાળકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાં સ્થિતિ સૌથી વધુ ચિંતાજનક બની છે. 26 જૂનથી અત્યાર સુધી ચાંદીપુરાના લક્ષણો ધરાવતા સાત બાળક હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેમાંથી પાંચ બાળકોના સારવાર દરમિયાન મોત થયા છે, એક બાળક સ્વસ્થ થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવ્યો છે, જ્યારે એક બાળક હાલ વેન્ટિલેટર પર સારવાર હેઠળ છે. તબીબો દ્વારા તેની સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. ખેડા જિલ્લાના સાલોડ ગામના એક વર્ષના બાળકમાં પણ ચાંદીપુરાના લક્ષણો જોવા મળતાં તેને વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. બીજી તરફ મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં પણ ચાંદીપુરાનો કેસ નોંધાયો છે. વડનગર સિવિલ હોસ્પિટલમાં મહેસાણા અને સાબરકાંઠાના બાળકોની સારવાર ચાલી રહી છે.

6 બાળકના રિપોર્ટ પોઝિટિવ

રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી 17 શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી છ બાળકોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. તેમણે જણાવ્યું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સઘન સર્વે, ઘર-ઘર તપાસ અને સંક્રમિત બાળકોના સંપર્કમાં આવેલા લોકોની આરોગ્ય તપાસ શરૂ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરો અને બાળરોગ નિષ્ણાતો સાથે સતત સમીક્ષા કરવામાં આવી રહી છે.

સુરતથી ઓપેરટ થતાં ૧૧૬ કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ

પોલીસે રાજ્યભરમાંથી 19 આરોપીની ધરપકડ કરી

ગાંધીનગર : દેશભરમાં કરોડો રૂપિયાની ઓનલાઇન છેતરપિંડી આચરતા સાયબર ગુનેગારો અને મ્યુલ (ભોગ બનનાર કે કમિશન લાલચે ભાડે આપેલા) બેંક એકાઉન્ટ્સ સપ્લાય કરતી આંતરરાષ્ટ્રીય અને આંતરરાજ્ય ગેંગ વિરુદ્ધ ગુજરાત પોલીસના સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સ (CCOE) દ્વારા જોરદાર સકંજો કસવામાં આવ્યો છે. ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦ અંતર્ગત અલગ-અલગ ગુનાઓમાં કુલ ૧૯ સાગરીતોની ધરપકડ કરીને અંદાજે રૂ. ૨૮૫ કરોડથી વધુના દેશવ્યાપી સાયબર ફ્રોડના રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ મહાઠગોએ ૨૧થી વધુ રાજ્યોમાં Investment, UPI, Trading અને ડિજિટલ અરેસ્ટ જેવા ફ્રોડ કરીને હજારો લોકોને નિશાન બનાવ્યા હતા.

ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સીલન્સની ટીમે સુરતના મોટા વરાછા અને જહાંગીરપુરા વિસ્તારમાં ઓફિસ શરૂ કરીને નેટવર્ક ચલાવતી ટોળકીના ૭ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

આ આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચીને Pokaarchtex, Genram, અને TRAN CHHAR TECH જેવી ખોટી બનાવટી પેઢીઓ (OPC Private Limited) ઊભી કરી હતી. આરોપીઓએ આ ખોટી પેઢીઓના નામે અલગ-અલગ બેંકોમાં ૧૮ જેટલા કરંટ એકાઉન્ટ ખોલાવવામાં આવ્યા હતા. સાયબર માફિયાઓ ઇન્ટરનેટ, SMS, WhatsApp અને Telegram ના માધ્યમથી લોકોને વધુ કમાણીની લાલચ આપી છેતરતા અને આ નાણાં કમિશનના બદલામાં મેળવેલા આ ખાતાઓમાં જમા કરાવતા હતા. આ નાણાં બાદમાં દુબઈ બેઠેલા સાયબર માફિયાઓ સુધી આંગળિયા મારફતે પહોંચાડવામાં આવતા હતા.

એક આરોપી એમબીએ કરે છે

વડોદરા મ્યુલ એકાઉન્ટ ગેંગ - વડોદરાથી ચાલતા રેકેટમાં પોલીસે વધુ ૪ આરોપીઓ - તૌફીક અહેમદ રાઠોડ, આફતાબ સૈયદ, હસનૈન ઉર્ફે શાદાબ પઠાણ અને અરકાન શેખને પકડ્યા છે. આ નેટવર્ક દ્વારા રૂ. ૪૬ કરોડથી વધુની ઠગાઈ આચરવામાં આવી હતી. એમબીએ ના વિદ્યાર્થી અભિલાસ રાજેશ મિશ્રા નામના વિદ્યાર્થીએ પોતાના સાથી વિદ્યાર્થી સાથે મળીને પોતાના ૧૦થી વધુ બેંક ખાતાઓ સાયબર ગુનેગારોને વાપરવા આપ્યા હતા. આ ખાતાઓમાં રૂ. ૭.૪૦ કરોડથી વધુની સાયબર ઠગાઈ થઈ હોવાનું ખૂલ્યું છે.

અલગ-અલગ ધરપકડ કરાયેલા તમામ ૧૯ આરોપીની યાદી

સુરતના આરોપીઓ

૧. રાકેશ કાળુભાઇ પોકળ (રહે. સુરત), **૨.** ગૌતમ હેમરાજભાઇ સવાણી (રહે. સુરત - અગાઉ હત્યા/હત્યાના પ્રયાસના ગુનામાં સંડોવાયેલ), **૩.** જયદીપ ઉર્ફે જયેશ વસરામભાઇ સવાણી (રહે. સુરત), **૪.** મયુર હિમ્મતભાઇ તેજાણી (રહે. સુરત), **૫.** અક્ષય કિશોરભાઇ કથીરીયા (રહે. સુરત), **૬.** મયુર વિનુભાઇ સવાણી (રહે. સુરત), **૭.** હેનીલ ઘનશ્યામભાઇ નારોલા (રહે. સુરત)

વડોદરા અને અમદાવાદ રેકેટના આરોપીઓ

૮. તૌફીક અહેમદ આરીફભાઇ રાઠોડ (રહે. આદર્શનગર, વડોદરા), **૯.** આફતાબ અલતાફભાઇ સૈયદ (રહે. ફીરોજનગર, વડોદરા),**૧૦.** હસનૈન ઉર્ફે શાદાબ બાબરખાન પઠાણ (રહે. ચાંદ પાર્ક, વડોદરા), **૧૧.** અરકાન તૌફીક શેખ (રહે. નવાબવાડા, વડોદરા), **૧૨.** સાગર મોહનભાઈ અમૃતિયા (રહે. વસ્ત્રાલ, અમદાવાદ - અગાઉ ૪ વાર પકડાયેલ અને દુબઈથી ઓપેરેટ કરતો હતો), **૧૩.** અભિલાસ રાજેશ મિશ્રા (રહે. વડોદરા) **૧૪.** ચૌધરી અંકુરકુમાર મહાદેવભાઈ (રહે. ગામ-ગઢા, તા.જી.-મહેસાણા), **૧૫.** પટેલ ચેતન રમેશભાઈ (રહે. આદર્શ નગર સોસાયટી, વિસનગર), **૧૬.** પંચાલ કિરણકુમાર રમેશભાઈ (રહે. ન્યૂ સાઈ બાગ, નાના ચિલોડા, અમદાવાદ), **૧૭.** રબારી સુરેશ ગજાભાઈ (રહે. નિકોલ, અમદાવાદ; મૂળ રહે. વાવ-થરાદ), **૧૮.** રાવળ રાજકુમાર જગદીશકુમાર (રહે. નિકોલ, અમદાવાદ; મૂળ રહે. ડીસા, બનાસકાંઠા), **૧૯.** પરમાર અક્ષયસિંહ ભવરસિંહ (રહે. મુંબઈ, મહારાષ્ટ્ર - સિન્ડિકેટ સાથે મધ્યસ્થી કરનાર)

અનુસંધાન ... પાના છેલ્લાનું

સુરત માટે...

ત્રણ દિવસમાં સમગ્ર સુરત શહેર અને પ્રભાવિત વિસ્તારોમાં 100 ટકા સરવેની કામગીરી પુરી કરી દેવામાં આવશે.સરવેમાં સુરતની જીવાદોરી સમાન કોમર્શિયલ કોમ્પ્લેક્ષના વેપારીઓ, નાના ઉદ્યોગથી માંડીને જે જે નાના ધંધાને અસર થઈ છે તેને આવરી લેવામાં આવશે અને ક્યાં કેટલું અને કોને નુકસાન થયું? તેની વિગતો સરવેમાં લેવામાં આવશે. અસરગ્રસ્ત પૈકી કોઈપણ સરકારની સહાયથી વંચિત નહીં રહે તે માટે સરવે ઝીણવટભર્યો કરાઈ રહ્યો છે. સરવે પુરો થતાં જ તેનો રિપોર્ટ મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરાશે. ત્યારબાદ સત્તાવાર રીતે પેકેજ જાહેર થશે અને સહાય સીધી અસરગ્રસ્તોના ખાતામાં જ જમા થશે. આ પેકેજમાં નાના અને મધ્યમવર્ગના વેપારીઓ માટે ખાસ જોગવાઈ રાખવામાં આવશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, સુરતની માટીમાં મુશ્કેલીઓ સામે લડવાની અને પોઝિટિવિટી સાથે બેઠા થવાની તાકાત છે. સરકાર અને સ્થાનિક સામાજિક સંસ્થાઓ સાથે મળીને ટૂંક સમયમાં જ સુરતને ફરી બેઠું કરવા માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ખાડીપૂરનું નિષ્ણાંતોની...

વરસાદથી થયેલી નુકસાનીના આંકડાઓનું સંકલન ચાલી રહ્યું છે અને તેની સત્તાવાર વિગતો આગામી સમયમાં જિલ્લા કલેક્ટર દ્વારા જાહેર કરવામાં આવશે.

હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર, જિલ્લા વહીવટી તંત્ર અને સુરત મહાનગરપાલિકા પૂરગ્રસ્ત નાગરિકોની સાથે મજબૂતીથી ઊભાં છે. કોઈપણ અસરગ્રસ્ત પરિવાર સહાયથી વંચિત નહીં રહે અને દરેક જરૂરિયાતમંદ સુધી ઘરવખરી સહાય શક્ય તેટલી વહેલી તકે પહોંચાડવામાં આવશે. રાહત અને પુનર્વસનની કામગીરી વધુ અસરકારક રીતે પૂર્ણ થાય તે માટે વિસ્તારવાર નોડલ ઓફિસરો અને વરિષ્ઠ અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી હોવાનું બેઠકમાં જણાવાયું હતું. અસરગ્રસ્તોની ચોક્કસ સંખ્યા અને નુકસાનીનો અંદાજ મેળવવા માટે ફિઝિકલ સર્વે હાથ ધરાયો છે, જે આવતીકાલ સાંજ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. બેઠકમાં સાંસદો, ધારાસભ્યો, જિલ્લા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર, પોલીસ કમિશનર, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ તેમજ વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મીઠીખાડીમાં પૂરના...

વિસ્તારોમાં કાદવ, કચરો અને ગંદકી દૂર કરવામાં આવી નહોતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ મીઠીખાડી, ફૂલવાડી, બેઠી કોલોની સહિતના વિસ્તારોમાં ઘરો અને દુકાનોમાંથી બહાર કાઢવામાં આવેલો કાદવમિશ્રિત કચરો રસ્તાઓ પર જ પડ્યો છે. ચોમાસામાં દુર્ગંધ અને મચ્છરોના ઉપદ્રવને કારણે ડેન્ગ્યુ, મેલેરિયા તથા અન્ય ચેપી રોગો ફાટી નીકળવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પૂર્વ કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ આક્ષેપ કર્યો છે કે ઓમનગર, રઝા ચોક, રમાબાઈ ચોક, ફૂલવાડી, બેઠી કોલોની, રાવનગર, ક્રાંતિનગર, ગરીબ નવાઝનગર, કમરૂનગર આવાસ, રતનજીનગર અને મક્કા પાર્ક સોસાયટી જેવા શ્રમિક અને ગરીબ વિસ્તારો પ્રત્યે પાલિકા તંત્ર ભેદભાવપૂર્ણ વલણ અપનાવી રહ્યું છે. તેમણે એવો પણ સવાલ ઉઠાવ્યો કે સફાઈ માટે પાલિકા પાસે જરૂરી સાધનો અને કર્મચારીઓનો અભાવ છે કે પછી જાણી જોઈને આ વિસ્તારોની અવગણના કરવામાં આવી રહી છે. પૂર દરમિયાન પણ રેસ્ક્યૂ, હોડી અને ફૂડ પેકેટ વિતરણ જેવી કામગીરીમાં તંત્ર પૂરતું સફળ રહ્યું ન હોવાનું તેમણે જણાવ્યું.

મનપાનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ નિષ્ફળ: સાયકલવાલા

સાયકલવાલાએ જણાવ્યું કે ખાડીપૂર બાદ સફાઈ કામગીરીમાં થયેલા વિલંબથી સુરત મહાનગરપાલિકાનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ નિષ્ફળ સાબિત થયું છે. પાણી ઉતર્યાના બે દિવસ બાદ પણ અસરગ્રસ્ત વિસ્તારોમાંથી કચરો ઉપાડી શકાયો નથી, જેના કારણે લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. તેમણે જણાવ્યું કે લિંબાયત ઝોનમાં દર વર્ષે ખાડીપૂરની સમસ્યા સર્જાય છે, છતાં કાયમી ઉકેલ લાવવા કે આપત્તિ બાદ તાત્કાલિક સફાઈ માટે અસરકારક વ્યવસ્થા ઊભી કરવામાં આવી નથી. કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટરે મ્યુનિસિપલ કમિશનરને લખેલા પત્રમાં લિંબાયત ઝોનના ઝોનલ ચીફ નિલેશ પટેલ તથા નાયબ આરોગ્ય અધિકારી ડો. નિમિષ દેસાઈ સામે ઘોર બેદરકારી બદલ સસ્પેન્શન અથવા અન્ય ઝોનમાં બદલી કરવાની માંગ કરી છે.

બેઠકોથી કંઇ...

વરસાદી પાણીનું સંચય, રિચાર્જ અને કુદરતી શોષણ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સિંગાપુરના ABC વોટર પ્રોગ્રામમાં વરસાદી પાણીના સંચાલન, હરિયાળી અને સ્માર્ટ ડ્રેનેજ સિસ્ટમનું સફળ એકીકરણ કરવામાં આવ્યું છે. નેધરલેન્ડ્સના 'Room for the River' અભિગમ દ્વારા કુદરતી જળમાર્ગો અને પૂરપ્રદેશોના સંરક્ષણથી પૂરનું જોખમ ઘટાડવામાં આવ્યું છે. જાપાનના ટોક્યો શહેરમાં ભૂગર્ભ જળસંગ્રહ ટનલ અને આધુનિક ફ્લડ કંટ્રોલ સિસ્ટમ દ્વારા ભારે વરસાદ દરમિયાન પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે.

ડો. ગાંધીનું માનવું છે કે આ આંતરરાષ્ટ્રીય મોડેલોનો વિગતવાર અભ્યાસ કરી, સ્થાનિક જરૂરિયાતોને અનુરૂપ ટેક્નોલોજી, ગ્રીન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, સ્માર્ટ ડ્રેનેજ અને ડિજિટલ ફ્લડ મેનેજમેન્ટને સમાવી સુરત માટે એક સર્વગ્રાહી પ્લાન તૈયાર કરી શકાય.

બે દિવસ...

છે. જોકે હવામાન વિભાગની સેટેલાઇટ તસવીરો અનુસાર હાલ ગુજરાતના મોટા ભાગના વિસ્તારો પરથી વરસાદી વાદળો દૂર થઈ ગયા છે. જેના કારણે આગામી દિવસોમાં રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદની શક્યતા ઓછી છે. વરસાદની ગેરહાજરીને કારણે ભેજ સાથે ગરમી અને બફારામાં ફરી વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

બેગમપુરામાં...

જોઈ રહ્યું છે? કે પછી આવી કોઈ મોટી દુર્ઘટના સર્જાયા બાદ જ તંત્ર જાગશે?'. લોકોનો ગંભીર આક્ષેપ છે કે, બેગમપુરા અને તેની આસપાસના ગીચ વિસ્તારોમાં રખડતા કૂતરાઓનો ત્રાસ લાંબા સમયથી છે, જે અંગે પાલિકાના સબંધિત ઝોનલ વિભાગ અને માર્કેટ વિભાગને વારંવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. આમ છતાં, પાલિકાનું તંત્ર આ ગંભીર જનસમસ્યા પ્રત્યે સદંતર ઉદાસીન રહ્યું છે અને કોઈ નક્કર કે અસરકારક કામગીરી કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું છે, જેના કારણે જ કૂતરાઓ આટલા હિંસક બન્યા છે.

૮૨ વર્ષના...

તેને છોડી દીધી હતી. બાળકી રડતાં રડતાં ઘરે પહોંચી હતી અને તેની દાદીને સમગ્ર હકીકત જણાવતા વાત વણસી હતી અને લોકો એકત્ર થઈ ગયા હતાં. ઉશ્કેરાયેલા લોકોએ વૃદ્ધને પકડીને મેથી પાક આપ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ ત્યાં પહોંચી ગઈ હતી અને લોકોની વચ્ચેથી વૃદ્ધને છોડાવી પોલીસ સ્ટેશન લઈ આવી હતી. આ કેસમાં પોલીસે મુસા મોહંમદ મન્સુરીની ધરપકડ કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલો આરોપી મુસા મોહમદ મંસુરી મૂળ ભરૂચના સંખવાડ ગામનો વતની છે. તેની પત્નીનું અવસાન થઈ ચૂક્યું છે અને તેના બે દીકરાઓ પણ તેનાથી અલગ રહેતા હોવાથી તે ઘરમાં એકલો જ રહેતો હતો.

ડિંડોલીની મુથૂટ એમકે ફાઈનાન્સનો મેનેજર 9.46 લાખનું સોનું ચોરી ચંપત

સીસીટીવીમાં કરતૂત કેદ, ઓડિટ થતાં મેનેજરનો ભાંડો ફૂટ્યો

સુરતઃ ડિંડોલી વિસ્તારમાં આવેલી જાણીતી ફાઈનાન્સ કંપની 'મુથૂટ એમકે' નામની એનબીએફસી (NBFC) બ્રાન્ચના મેનેજરે જ ગ્રાહકોએ લોન પેટે ગીરવે મૂકેલા સોનાના દાગીનામાંથી રૂ.૯,૪૬,૩૧૮ની કિંમતનું ૬૭.૧૧ ગ્રામ સોનું ચોરી કરી ફરાર થઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

વડોદરા વાઘોડિયા રોડ ખાતે રહેતા અને 'મુથૂટ એમકે' ફાઈનાન્સમાં રિજિયોનલ મેનેજર તરીકે ફરજ બજાવતા જતીનભાઈ રમેશભાઈ પંચાલે તાજેતરમાં સુરત બ્રાન્ચના ઓડિટ રિપોર્ટ બાદ હરકતમાં આવ્યાં હતા. ડિંડોલી માર્ક પોઈન્ટ ખાતે આવેલી બ્રાન્ચમાં ઓડિટર અમર કેશ્વાર ઓડિટ કરવા આવ્યા ત્યારે બ્રાન્ચ મેનેજર દ્વિતીક્રિષ્ના મોહંતી (રહે., મણીનગર,પાંડેસરા, મૂળ જરાડાગામ, કવિ સુર્યનગર, જિ. ગંજામ, ઓરિસ્સા) ગેરહાજર જણાયા હતા અને સેફલોકરની એક ચાવી ટેબલ પર મૂકી ફોન સ્વિચ ઓફ કરીને ભાગી ગયા હતા. ઓડિટમાં ગ્રાહકો જેવા કે પ્રશાંત માઝી, ઝીના મનોરંજન, રવિકુમાર ચૌધરી અને ભાવેશકુમાર પટેલ દ્વારા લોન સામે મૂકવામાં આવેલી સોનાની ચેઈન, રિંગ, બુટ્ટી અને નેકલેસ સહિતના સોનાના પેકેટમાંથી કુલ ૬૭.૧૧ ગ્રામ સોનાના દાગીના ગાયબ હોવાનું જણાયું હતું. બ્રાન્ચના સીસીટીવી કેમેરા ચેક કરતાં માલૂમ પડ્યું હતું કે, મેનેજર દ્વિતી ક્રિષ્ના મોહંતીએ સાથી કર્મચારી પ્રિયમ ડેથલીયાના ટેબલના ડ્રોઅરમાંથી છૂપી રીતે સેફરૂમની બીજી ચાવી મેળવી લીધી હતી. તેણે તા. ૦૬/૦૬/૨૦૨૬ અને તા. ૦૮/૦૬/૨૦૨૬ ના રોજ એકલા સેફરૂમ ખોલી તિજોરીમાંથી સોનાની ચોરી કરી હતી. ડિંડોલી પોલીસે ભાગેડું મેનેજર સામે ગુનો નોંધી તેને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

TET ફરજિયાતના નિર્ણયનો વિરોધ

ગાંધીનગરની સત્યાગ્રહ છાવણીમાં વિરોધ પ્રદર્શન

ગાંધીનગરઃ રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2010 પહેલાં સેવા શરૂ કરનારા શિક્ષકો માટે પણ ટેટ પરીક્ષા ફરજિયાત કરવાનો નિર્ણય જાહેર થતાં સમગ્ર શિક્ષક આલમમાં અસંતોષની લાગણી ફેલાઈ છે. આ નિર્ણયના વિરોધમાં આજે ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ભેંગા થઈ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

વિરોધ દરમિયાન શિક્ષકોએ સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી નિર્ણય પર પુનર્વિચાર કરવાની માંગ ઉઠાવી હતી. વિરોધ પ્રદર્શન કરી રહેલા શિક્ષકોનું કહેવું છે કે વર્ષોથી શાળાઓમાં સફળતાપૂર્વક ફરજ બજાવી રહેલા અને 15થી 20 વર્ષથી વધુનો અનુભવ ધરાવતા શિક્ષકોને હવે ટેટ જેવી પરીક્ષા આપવાની ફરજ પાડવી યોગ્ય નથી. તેમના મતે લાંબા સમયથી સેવા આપી રહેલા શિક્ષકોની કાર્યક્ષમતા તેમની કામગીરીથી જ સાબિત થઈ ચૂકી છે. અનુભવી શિક્ષકો પર નવી પરીક્ષાની શરત લાદવાથી તેઓ માનસિક તણાવનો સામનો કરશે. શિક્ષક સંગઠનોના પ્રતિનિધિઓએ સરકારને આ નિર્ણય પાછો ખેંચવા અપીલ કરી હતી.

અનુસંધાન ... પાના પહેલાનું

વિયેટનામમાં બોટ...

ન્ગોઆઈ ટાપુ તેના સ્વચ્છ સમુદ્ર, સફેદ રેતીવાળા દરિયાકિનારા અને કોરલ રીફ ડાયવિંગ માટે પ્રખ્યાત છે. અહીં પહોંચવા માટે પ્રવાસીઓ સામાન્ય રીતે એન થોઈ બંદર પરથી બોટ અથવા સ્પીડબોટ ભાડે લેતા હોય છે. એક ટાપુ પરથી બીજા ટાપુ પર જવા માટે બોટ પ્રવાસનો આનંદ મેળવવામાં આવે છે.

વિયેટનામ ખાતેના ભારતીય દૂતાવાસે જણાવ્યું કે મુસાફરોની મદદ માટે કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. આ માટે હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. તમામ મૃતકોની ઓળખ થઈ ગઈ હોવાનું જણાવાયું છે. વિયેતનામના ન્યૂઝ પોર્ટલ 'વીએન એક્સપ્રેસ ઈન્ટરનેશનલ'ના અહેવાલ મુજબ, ફૂ ક્વોકના કિનારે આવેલા એન થોઈ દ્વીપસમૂહના એક ટાપુ 'હોન મે રુત એનગોઈ'થી લગભગ ૪૦૦ મીટર દૂર આ સ્પીડબોટ પલટી ગઈ હતી. અહેવાલમાં જણાવાયું છે કે બોર્ડર ગાર્ડ, નેવી, કોસ્ટ ગાર્ડ અને અન્ય દળો સર્ચ એન્ડ રેસ્ક્યુ કામગીરીમાં જોડાય તે પહેલાં નજીકની પ્રવાસી બોટો પાણીમાંથી મુસાફરોને બહાર કાઢવા માટે દોડી ગઈ હતી. તેમાં પ્રત્યક્ષદર્શીઓને ટાંકીને એમ પણ કહેવામાં આવ્યું છે કે કેટલાક મુસાફરો પલટી ગયેલી બોટની અંદર ફસાઈ ગયા હતા, જેના કારણે બચાવ કામગીરી મુશ્કેલ બની હતી. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, તમામ મૃતક પ્રવાસીઓના મૃતદેહો બહાર કાઢી લેવામાં આવ્યા છે. એક્સ (X) પર ભારતીય દૂતાવાસ દ્વારા શેર કરવામાં આવેલી યાદી મુજબ મૃતકોમાં બે મહિલાઓ પણ સામેલ હતી. આ અકસ્માતમાં બચી ગયેલા નિર્મલ કુમારે જણાવ્યું કે, એક વિશાળ મોજું અમારી સાથે અથડાયું, ૨૦ લોકો તેમાંથી બહાર નીકળી આવ્યા અને બાકીના સભ્યો ફસાઈ ગયા. તેમણે કહ્યું, "તે એક બંધ બોટ હતી. અમે આગળના ભાગમાં હોવાથી હું અને મારો મિત્ર બચી જવામાં સફળ રહ્યા. જેઓ પાછળ હતા તેઓ ફસાઈ ગયા. વિયેતનામના વડા પ્રધાન લે મિન્ઘ હુંગે અકસ્માતના કારણની તપાસના આદેશ આપ્યા છે.

રાષ્ટ્રપતિ અને વડાપ્રધાને દુઃખ વ્યક્ત કર્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ દુર્ઘટના પર ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું કે આ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના પરિવારો પ્રત્યે તેમની ઊંડી સંવેદના છે. આ સાથે જ ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરી હતી. વડાપ્રધાને જણાવ્યું કે ભારતની એમ્બેસી અને કોન્સ્યુલેટ તમામ સંભવિત મદદ પૂરી પાડી રહ્યા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જણાવ્યું કે આ અકસ્માતથી તેઓ અત્યંત દુઃખી છે. રાષ્ટ્રપતિએ પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના પણ વ્યક્ત કરી હતી.

ટાપુ પરથી...

૦૦ થી ૪૦ મીટર દૂર ગઈ હશે ત્યાં જ તે પલટી ગઈ. અમે ફોટા પાડી રહ્યા હતા અને અમે કંઈ સમજીએ તે પહેલાં જ આ બધું થઈ ગયું. કુમારે ઉમેર્યું કે, બોટ ટાપુ પરથી માંડ નીકળી જ હતી. અમે બધા મદદ માટે બૂમો પાડી રહ્યા હતા. તેમણે એમ પણ જણાવ્યું કે હવામાન ખરાબ નહોતું. તેમણે કહ્યું, થોડો પવન ફૂંકાઈ રહ્યો હતો, પણ ટાપુ પર એટલો પવન તો સામાન્ય ગણાય. કુમારે જણાવ્યું કે તેઓ પોતે આ પ્રવાસમાં એકલા આવ્યા હતા, પરંતુ જૂથના ઘણા સભ્યો તેમના પરિવાર સાથે આવ્યા હતા.

હવામાનનો પલટોઃ...

વરસાદ ન થવાની આશંકા વ્યક્ત કરી છે. ઉત્તરાખંડના રુદ્રપ્રયાગ જિલ્લાના સિરોબગઢમાં ભૂસ્ખલનને કારણે લગભગ 7 કલાક સુધી બંધ રહ્યા બાદ, શનિવારે બદ્રીનાથ હાઈવેને વાહનોની અવરજવર માટે ફરીથી ખોલી દેવામાં આવ્યો છે. હિમાચલ પ્રદેશના ભાગોમાં મધ્યમથી ભારે વસરાદ થયો હતો જ્યારે યુપીમાં સામાન્ય વ